સંક્ષિપ્ત સમાચાર

મુખ્ય મંડીઓમાં ચણા, તુવેર અને અડદના ભાવમાં છેલ્લા એક મહિનામાં 4% જેટલો ઘટાડો થયો:

નવી દિલ્હી : કન્ઝ્યુમર અફેર્સ વિભાગે આજે અહીં રિટેલર્સ એસોસિયેશન ઓફ ઈન્ડિયા (RAI) સાથે એક બેઠકનું આયોજન કર્યું હતું, જેમાં કઠોળના સંદર્ભમાં ભાવની સ્થિતિ અને લાઈસન્સની આવશ્યકતાઓ, સ્ટોક મર્યાદાઓ અને હલનચલન પ્રતિબંધોને દૂર કરવામાં નિર્ધારિત તુવેર અને ચણાની સ્ટોક મર્યાદાના પાલન અંગે ચર્ચા કરવામાં આવી હતી. 21.06.2024 અને 11.07.2024ના નિર્દિષ્ટ ખાદ્ય પદાર્થો (પ્રથમ અને બીજા સુધારા) ઓર્ડર, 2024 પર આ બેઠકની અધ્યક્ષતા ભારત સરકારના ગ્રાહક બાબતોના વિભાગના સચિવ શ્રીમતી ડો. નિધિ ખરેએ કરી હતી. RAI પાસે 2300+ સભ્યો છે અને દેશમાં લગભગ 6,00,000+ આઉટલેટ્સ છે. સચિવે માહિતી આપી હતી કે છેલ્લા એક મહિનામાં મુખ્ય મંડીઓમાં ચણા, તુવેર અને અડદના ભાવમાં 4% સુધીનો ઘટાડો થયો છે, પરંતુ છૂટક ભાવમાં સમાન ઘટાડો જોવા મળ્યો નથી. તેણીએ જથ્થાબંધ મંડી કિંમતો અને છૂટક કિંમતો વચ્ચેના વિચલન તરફ ધ્યાન દોર્યું, જે સૂચવે છે કે છૂટક વેપારીઓ વધુ નફાનું માર્જિન મેળવી રહ્યા છે. તેણીએ એ પણ નિર્દેશ કર્યો કે ખરીફ કઠોળ માટે વાવણીની પ્રગતિ મજબૂત છે.

ડૉ. જિતેન્દ્ર સિંહે કોએલિશન ઑફ એપિડેમિક પ્રિપેર્ડનેસ ઇનોવેશન્સ (CEPI) હેઠળ એશિયાનાં પ્રથમ સ્વાસ્થ્ય સંશોધન સંબંધિત "પ્રી-ક્લિનિકલ નેટવર્ક સુવિધા"નું ઉદઘાટન કર્યું

નવી દિલ્હી : કેન્દ્રીય મંત્રી ડો. જિતેન્દ્ર સિંહે આજે ફરીદાબાદમાં 'ટ્રાન્સલેશનલ હેલ્થ સાયન્સ એન્ડ ટેકનોલોજી ઈન્સ્ટિટ્યૂટ' (THSTI)ના નેજા હેઠળ રિજનલ સેન્ટર ઓફ બાયોટેકનોલોજી ખાતે કોએલિશન ઓફ એપિડેમિક પ્રિપેર્ડનેસ ઈનોવેશન્સ (CEPI) હેઠળ એશિયાની પ્રથમ સ્વાસ્થ્ય સંશોધન સંબંધિત 'પ્રી-ક્લિનિકલ નેટવર્ક ફેસિલિટી'નું ઉદઘાટન કર્યું હતું. કોએલિશન ફોર એપિડેમિક પ્રિપેર્ડનેસ ઈનોવેશન્સ (CEPI)એ BSL3 પેથોજેન્સને સંચાલિત કરવાની તેની ક્ષમતાના આધારે પ્રિ-ક્લિનિકલ નેટવર્ક લેબોરેટરી તરીકે બ્રિક- THSTIની પસંદગી કરી છે. તે સમગ્ર વિશ્વમાં આ પ્રકારની ૭મી નેટવર્ક લેબોરેટરી હશે અને સમગ્ર એશિયામાં આ પ્રકારની પ્રથમ પ્રયોગશાળા હશે. અન્ય લેબ્સ યુએસએ, યુરોપ અને ઓસ્ટ્રેલિયામાં આવેલી છે. પ્રાયોગિક એનિમલ ફેસિલિટી એ દેશની સૌથી મોટી નાની પ્રાણી સુવિધાઓમાંની એક છે, જે લગભગ 75,000 ઉંદરોની આવાસ ક્ષમતા ધરાવે છે, જેમાં રોગપ્રતિકારક શક્તિ સાથે ચેડા કરવામાં આવેલા ઉંદરો અને અન્ય પ્રજાતિઓ જેમ કે ઉંદર, સસલા, હેમ્સ્ટર, ગિનિ પિગ વગેરેનો સમાવેશ થાય છે.

ભારતીય અને અમેરિકી નૌકાદળોએ અરબી સમુદ્રમાં સંયુક્ત નૌકા-યુદ્ધ કવાયત શરૂ કરી

નવી દિલ્હી : હિન્દ મહાસાગરમાં ચીન દ્વારા થઈ રહેલા પગ પેસારાથી ભારત તેમજ અમેરિકા સચિંત બની રહ્યાં છે. તેવા સમયે ભારત અને અમેરિકાનાં નૌકાદળોએ હિન્દ મહાસાગરમાં સંયુક્ત નૌકા-યુદ્ધ કવાયત શરૂ કરી છે. તેમાં ભારત તરફથી આઈ.એન.એસ. આદિત્ય અને આઈએનએસ વિશાખાપટ્ટનમની સાથે અમેરિકાનાં વિશાળ વિમાન વાહક જહાજ યુ.એસ.એચ. થિયોડોર રૂઝવેલ્ટ અને યુ.એસ.એસ. ડેનીયલ ઈનૌથે જોડાયાં હતા. આ જહાજો સાથે બંને દેશોએ પોત-પોતાનાં 'રક્ષક જહાજો' પણ જોડયાં હતાં. બહેરિન સ્થિત યુ.એસ. સેન્ટ્રલ કમાન્ડનાં હેડ કવાર્ટર તરફથી ૧૨મી જુલાઈએ 'x' પોસ્ટ ઉપર જણાવવામાં આવ્યું હતું કે થિયોડોર રૂઝવેલ્ટ કેરિયર સ્ટ્રાઈક ગુરુપ (ટી.આર.સી.એસ.જી) આજે (તા. ૧૨ જુલાઈએ) યુ.એસ. ફીક્સ ફ્લીટ વિસ્તારમાં પહોંચી ગયું છે. તે એ વિસ્તારમાં થનારાં સંભવિત આક્રમણને રોકવા તેમ જ પ્રાદેશિક સ્થિરતા સ્થાપવા અને તે વિસ્તારમાં તથા ઈન્ડો-પેસિફિક વિસ્તારમાં પણ મુક્ત રીતે વ્યાપાર ચાલુ રહે તે જોવાનો આ કવાયતનો હેતુ છે. આ સાથે અમેરિકાએ જણાવ્યું હતું કે બે મહત્વના અને મુખ્ય સંરક્ષણ સાથીઓ આ દ્વારા સંયુક્ત સમુદ્રીય કવાયતો કરી આ સમગ્ર વિસ્તાર તથા ઈન્ડો પેસિફિક વિસ્તારને પણ ખુલ્લો અને મુક્ત રાખવા માગે છે.

ઉત્તરપ્રદેશમાં એક મૌલવીએ સામૂહિક ધર્માંતરણ કરાવવાનું એલાન કર્યું, તંત્ર પાસે પરવાનગી પણ માગી

નવી દિલ્હી : ઈત્તેહાદ-એ-મિલ્લત કાઉન્સિલ (IEMC) ના પ્રમુખ મૌલાના તૌકીર રજા એક વાર ફરી ચર્ચામાં છે. તેમણે 21 જુલાઈએ બરેલીના ખલીલ હાયર સેકન્ડરી સ્કુલમાં સવારે 11 વાગ્યે 5 કપલનું ધર્મ પરિવર્તન કરાવીને તેમને ઈસ્લામ ધર્મ કબૂલ કરાવવા અને સામૂહિક નિકાહ કાર્યક્રમનું આયોજન કરવાનું એલાન કર્યું છે. આ માટે તેમણે જિલ્લા તંત્રને પત્ર લખીને પરવાનગી માગી છે. આ કપલમાં અમુક મધ્ય પ્રદેશ અને બાકી યુપીના અલગ-અલગ જિલ્લાના જણાવાઈ રહ્યાં છે.મૌલાના તૌકીર રજાએ કહ્યું છે કે સુરક્ષા કારણોસર આ કપલની ઓળખ જાહેર કરવામાં આવી રહી નથી. તેમણે દાવો કર્યો છે કે તેમની પાસે આવા 23 પ્રાર્થના પત્ર છે, જેમાં ઈસ્લામ ધર્મ કબૂલ કરવાની ઈચ્છા વ્યક્ત કરી છે. જેમાં 15 યુવતીઓ અને 8 યુવક છે. મૌલાનાએ કહ્યું કે ઘણી મુસ્લિમ યુવતીઓ હિંદુ ધર્મ અપનાવી ચૂકી છે, પરંતુ કોઈ પણ હિંદુ સંગઠને આની પર વિરોધ વ્યક્ત કર્યો નથી. તેથી અમારા આ કાર્યક્રમ પર પણ કોઈ ધાર્મિક સંગઠન વિરોધ વ્યક્ત કરશે નહીં. તૌકીર રજાએ કહ્યું, અમે પ્રતિબંધ લગાવ્યો હતો કે લાલચ અને કોઈના પ્રેમમાં આવીને કોઈ યુવક કે યુવતી ઈસ્લામ કબૂલ કરવા ઈચ્છે છે તો તેમને તેની પરવાનગી આપવામાં આવશે નહીં પરંતુ છેલ્લા દિવસોથી ખૂબ દબાણ બની રહ્યું હતું, જેમાં સામે આવ્યું કે એવા ઘણા યુવક-યુવતીઓ છે.

મુખ્યમંત્રી શ્રી પુષ્કર સિંહ ધામીએ જાગેશ્વર ધામના પ્રસિદ્ધ શ્રાવણી મેળાનું ઉદ્ઘાટન કર્યું

દહેરાદૂન | તા.16

મુખ્ય પ્રધાન પુષ્કર સિંહ ધામીએ મંગળવારના રોજ પ્રસિદ્ધ જાગેશ્વર ધામમાં એક મહિના સુધી ચાલનારા શ્રાવણી મેળાને પ્રાર્થના કરીને ઉદ્ઘાટન કર્યું હતું. તેમણે જાગેશ્વરના ભંડારા સ્થળે પદ્મ વૃક્ષનું વાવેતર કરી હરેલાની શુભકામનાઓ સાથે પર્યાવરણ જાળવણીનો સંદેશો આપ્યો હતો. મુખ્યમંત્રીએ મંદિરમાં પૂજા અર્ચના કરી અને રાજ્યના લોકોની સુખ અને સમૃદ્ધિની કામના કરી.

મુખ્યમંત્રીએ જણાવ્યું કે, જાગેશ્વર ધામ પૌરાણિક સંસ્કૃતિનું અનોખું પ્રતિક છે. અહીં આવવાથી એક અલગ જ શાંતિનો અહેસાસ થાય છે. ભગવાન જાગેશ્વર તમામ ભક્તો પર તેમના આશીર્વાદ આપે છે. તેમણે કહ્યું કે અહીં કોઈ પોતાની મરજીથી આવતું નથી પરંતુ બાબાના આમંત્રણ પર જ આવે છે. શ્રાવણી મેળા અંગે મુખ્યમંત્રીએ જણાવ્યું કે, શ્રાવણી મેળો પૌરાણિક સંસ્કૃતિનું જીવંત ઉદાહરણ છે. શ્રાવણી મેળો સદીઓથી ભક્તો માટે આકર્ષણનું કેન્દ્ર રહ્યો છે.

હરેલા પર્વ અને શ્રાવણી મેળા પર રાજ્યના લોકોને શુભેચ્છા પાઠવતા મુખ્યમંત્રીએ કહ્યું કે ડબલ એન્જિન સરકાર ઉત્તરાખંડના વિકાસ માટે સમર્પિત છે. આનું પરિણામ એ છે કે NITI આયોગ દ્વારા જારી કરાયેલા ટકાઉ વિકાસ લક્ષ્યોને હાંસલ કરવામાં ઉત્તરાખંડ પ્રથમ સ્થાને છે. ઉત્તરાખંડને દેશનું શ્રેષ્ઠ રાજ્ય બનાવવાની દિશામાં આ એક સકારાત્મક પગલું છે. આ પ્રસંગે મુખ્યમંત્રીએ જિલ્લાના વિકાસને લઈને અનેક જાહેરાતો પણ કરી હતી, જેમાં સરયુ (સેરાઘાટ) થી જૂના જાગેશ્વર સહિત જાગેશ્વર વિસ્તાર માટે પીવાના પાણીની પમ્પિંગ યોજનાનું બાંધકામ, ભગતટોલા કપકોટ મોટર રોડનું ડામર, જૂના જાગેશ્વરને માનસખંડ મંદિર માલા મિશન હેઠળ ધાર્મિક પ્રવાસ સાથે જોડવું, ભીકિયાસેન ખાતે ડેમનું નિર્માણ, ચમદખાનમાં બેંકની સ્થાપના, ભરતોલીના પ્રાચીન દેવયલ મંદિરનો જીર્ણોદ્ધાર, દીપ્તેશ્વર મહાદેવ અને કોટેશ્વર મહાદેવનો જીર્ણોદ્ધાર અને બ્યુટીફીકેશન, મર્ચુલા ભીખિયાસેન મોટર રોડ પર રામગંગા નદી પર મોટર પુલનું બાંધકામ, મહાત્મા ગાંધી ઈન્ટર કોલેજ ચણોડા સોમેશ્વરની અધૂરી ઈમારતનું બાંધકામ, ચણોડા - કડીનું બાંધકામ વગેરે. થુવાસીમલથી ધૂની સુધીનો રસ્તો - ધૂની અને ધૂની રૌતેલા ચૌના બંધ, સોમેશ્વરની ગ્રામસભા રાહતમાં ધૂની ગેર નામની જગ્યાએ મિની સ્ટેડિયમનું નિર્માણ અને શહેરના દરવાજા નંગધુની મંદિર પાસે, હવાલબાગ વિકાસ બ્લોકના ગોવિંદપુરમાં સ્થિત દેવઘાટનું બાંધકામ નાનકોસીમાં મીની બેરેજનું નિર્માણ, જાગેશ્વર વિધાનસભામાં 40 કિમીના ડામર બનાવવાની દરખાસ્ત જેવા કામોની જાહેરાત વગેરેનો સમાવેશ થાય છે.

ડબલ એન્જિન સરકાર સંપૂર્ણપણે લોકોને સમર્પિત

લાંબા ગાળાના લક્ષ્યાંકો સાથે વિકસિત રાજસ્થાનના વિઝનને ધ્યાનમાં રાખીને બજેટ તૈયાર કરવામાં આવ્યું હતું, અમે શિલાન્યાસ કરીશું અને ઉદ્ઘાટન પણ કરીશું - દિયા કુમારી

જયપુર | તા.16

નાયબ મુખ્ય પ્રધાન અને નાણા પ્રધાન દિયા કુમારીએ મંગળવારે રાજ્ય વિધાનસભામાં જણાવ્યું હતું કે અમે પ્રથમ બજેટથી જ દૂરંદેશી વિચાર સાથે દરેક ક્ષેત્રના વિકાસ માટે યોજના બનાવી છે. આ બજેટ વિકસિત રાજસ્થાન માટે છે, જેનો સંપૂર્ણ લાભ જનતાને મળશે. તેમણે કહ્યું કે આ બજેટ લાંબા ગાળાના લક્ષ્યોને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવ્યું છે, જેમાં રાજ્યને વિકાસની નવી ઊંચાઈઓ પર લઈ જવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. નાયબ મુખ્ય પ્રધાન અને નાણાં પ્રધાન બદલાયેલા બજેટ 2024-25 પર સામાન્ય ચર્ચાનો જવાબ આપી રહ્યા હતા. તેમણે કહ્યું કે સામાન્ય જનતા તેમજ વિપક્ષના ઘણા સભ્યો દ્વારા બજેટને દિલથી આવકારવામાં આવ્યું છે. અંદાજે 1.67 લાખ સૂચનોનો સમાવેશ કરીને બજેટને સર્વસમાવેશક બનાવવામાં આવ્યું છે. નાયબ મુખ્યમંત્રીએ કહ્યું હતું કે ડબલ એન્જિનવાળી સરકાર સંપૂર્ણપણે લોકોને સમર્પિત છે અને તમામ બજેટની જાહેરાતો સમયસર કરવામાં આવશે. તેમણે કહ્યું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના માર્ગદર્શન અને મુખ્યમંત્રી શ્રી ભજનલાલ શર્માના સક્ષમ નેતૃત્વ હેઠળ રાજ્યની જનતાને આપેલા વચનો પૂરા થઈ રહ્યા છે.

યોગી અને અખિલેશ સામે ગઢ બચાવવાનો પડકાર

(એજન્સી) નવી દિલ્હી | તા 16

દેશમાં સાત રાજ્યોની 13 બેઠકો પર યોજાયેલી પેટાચૂંટણીના પરિણામોએ લોકસભા ચૂંટણીમાં અપેક્ષિત પરિણામ ન મળતાં ચિંતિંત ભાજપની ચિંતા વધારી છે. 13માંથી માત્ર 2 બેઠક પર જ જીત હાંસલ કરનારી ભાજપ પોતાને જ દિલાસો આપી રહી છે કે, પેટાચૂંટણીમાં સત્તાધારી પક્ષનો જ દબદબો હોય છે. પરંતુ વાસ્તવમાં સૌથી મોટા રાજ્ય ઉત્તરપ્રદેશમાં ભાજપ માટે પડકારો સતત વધી રહ્યા છે. જ્યાં તે પોતે જ સત્તા પર છે. ઉત્તરપ્રદેશની ફૂલપુર, ખેર, ગાઝિયાબાદ, મઝવાં, મીરાપુર, મિલ્કીપુર, કરહલ, કટેહરી અન કુંદરકીના ધારાસભ્યો આ વખતે લોકસભા ચૂંટણી જીતી સાંસદ બન્યા હોવાથી આ ખાલી પડેલી નવ બેઠકો પર પેટાચૂંટણી યોજાઈ હતી. સીસામઉ સપા ધારાસભ્ય ઈરફાન સોલંકી ગુનેગાર સાબિત થતાં સભ્ય પદ રદ થઈ ગયુ હોવાથી આ બેઠક પર પણ પેટાચૂંટણી થઈ હતી. આ બેઠકો પર પેટાચૂંટણીની હજી જાહેરાત થઈ નથી. પરંતુ તેની તૈયારી મુખ્ય વિપક્ષ સપાએ શરૂ કરી દીધી છે. ભાજપ પણ જીત માટે રણનીતિ ઘડી રહ્યું છે. સપાએ લોકસભા ચૂંટણીમાં અપેક્ષિત પ્રદર્શન કર્યું હોવાથી તે પેટાચૂંટણી માટે આશ્વસ્ત છે. પરંતુ શ્રેષ્ઠ પ્રદર્શન જાળવી રાખવુ પડકાર પણ બની શકે છે.ભાજપ પાસે લોકસભામાં બનેલી ધારણા તોડી આ પેટાચૂંટણીના માધ્યમથી કાર્યકરોના જુસ્સામાં વધારો કરવાની તક છે.

નામ બદલેલ છે

મારુ નામ અનિલકુમાર ઘનશ્યામદાસ કીકાણી હતુ તે બદલીને અનિલ ઘનશ્યામદાસ કાકાણી રાખેલ છે.

સરનામું:- 14, મહારથી સોસાયટી, સરદારનગર, અમદાવાદ.

નામ બદલેલ છે

મારું જૂનું નામ પહેલા **જૈમિનકુમાર રાજેન્દ્રકુમાર પરમાર** હતું, જે બદલીને નવું નામ **જેમિનકુમાર રાજેન્દ્રકુમાર પરમાર** રાખવામાં આવેલ છે. જેની સર્વે નોંધ લેવી

લિ. :- જેમિનકુમાર રાજેન્દ્રકુમાર પરમાર

સરનામું :- ૨૫૬, ઓગડનાથ સોસાયટી, દોદર, બનાસકાંઠા-૩૮૫૩૩૦, ગુજરાત

Punjab & Sind Bank (A Govt. of India Undertaking) Where service is a way of life

ઝોનલ ઓફિસ : ગાંધીનગર
યુનિટ નં. ૪, ત્રીજા માળે, જીઆઈએફટી ટાવર વન
ગીફ્ટ સીટી, ગાંધીનગર-૩૮૨૩૫૫
ફોન નં. ૦૭૯-૬૬૭૪૦૨૦૬/૦૮/૦૯

બેંક બે બિડ સિસ્ટમ હેઠળ, જગ્યા માટે, ગ્રાઉન્ડ ફ્લોર, બ્રાન્ચ ઑફિસ માટે ઓછામાં ઓછા ૧૫ વર્ષના સમયગાળા માટે લીઝના ધોરણે ઑફર્સ આમંત્રિત કરે છે.

ક્રમ	ગામો, શહેરો વિગેરેનું નામ	કાર્પેટ એરીયા (ચો.ફુટમાં)
૧	રીડ રોડ, અમદાવાદ	૨૦૦૦

બિડસ જમા કરવાની તા. ૦૬-૦૮-૨૦૨૪ના રોજ અથવા તે પહેલા.

વિગતો માટે અમારી વેબસાઈટની મુલાકાત લો www.punjabandsindbank.co.in

ઝોનલ મેનેજર

बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda

બોપલ રોડ શાખા : શ્રી હરિ હાઉસ, ૫, વ્રજ વિહાર સોસાયટી, સ્ટર્લિંગ સીટી સામે, બોપલ મેઈન રોડ, શિવમ હોસ્પિટલની નીચે, અમદાવાદ-૩૮૦૦૫૮.
E-Mail : BOPALR@bankofbaroda.com

કબજા નોટિસ

(FOR IMMOVABLE PROPERTY) [SEE RULE 8(1)]

આથી,

નીચે સહી કરનાર બેંક ઓફ બરોડાના અધિકૃત અધિકારીએ સિક્યોરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ અને સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રુલ્સ ૨૦૦૨ની કલમ ૧૩(૧૨)ના નિયમ ૩ સહિત વંચાણે લેતાં મળેલ સત્તાની રૂએ તારીખ ૦૩-૧૦-૨૦૧૮ ના રોજ ડીમાન્ડ નોટિસ આપેલ હતી જે અનુસાર બેંકના **ઋણકર્તા શ્રીમતિ અમૃત ગજાનંદભાઇ દૂધરેજીયા, શ્રીમતિ નમ્રતા ગજાનંદભાઇ દૂધરેજીયા, શ્રીમતિ રેખાબેન ગજાનંદભાઇ દૂધરેજીયા,** ને નોટિસોમાં જણાવ્યા મુજબ બેંકની કુલ લેણી રકમ **રૂા.૧૯,૫૭,૯૨૭.૦૦(અંકે રૂપિયા ઓગણિસ લાખ સત્તાવન હજાર નવસો સત્યાવીસ પુરા)** તેની પર કોન્ટ્રેક્ચ્યુઅલ રેટ મુજબનું વ્યાજ, કોસ્ટસ ચાર્જીસ અને પેમેન્ટ આવે તે તારીખ સુધીનું લાગુ પડેલ ખર્ચા, ત્યારબાદ આવેલ રીકવરી બાદ કરીને વગેરે ચુકવવા જણાવેલ હતું.

ઋણકર્તા બેંકની લેણી રકમ પરત કરવામાં નિષ્ફળ જવાથી ખાસ ઋણકર્તા અને જાહેર જનતાને નોટિસ આપવામાં આવે છે કે નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ નીચે જણાવેલ મિલકતનો સદર કાયદાની કલમ ૧૩ની પેટા કલમ (૪) ના સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ના નિયમ ૮ સહિત વંચાણે લેતાં મળેલ સત્તાની રૂએ **તારીખ ૧૧ જુલાઇ, ૨૦૨૪ ના રોજ મિલકતનો સાંકેતિક કબજો** મેળવી લીધેલ છે.

ઋણકર્તા/ભાગીદારો/ગેરન્ટરો/મોર્ગેજરોને ખાસ અને જાહેર જનતાને સામાન્યતઃ ચેતવણી આપવામાં આવે છે કે નીચે જણાવેલ મિલકત સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવો નહી અથવા કોઈપણ પ્રકારનો વ્યવહાર તે મિલકત અંગેનો **બેંક ઓફ બરોડા,** ના **રૂા.૧૯,૫૭,૯૨૭.૦૦(અંકે રૂપિયા ઓગણિસ લાખ સત્તાવન હજાર નવસો સત્યાવીસ પુરા)** તેની પર કોન્ટ્રેક્ચ્યુઅલ રેટ મુજબનું વ્યાજ, કોસ્ટસ ચાર્જીસ અને પેમેન્ટ આવે તે તારીખ સુધીનું લાગુ પડેલ ખર્ચા, ત્યારબાદ આવેલ રીકવરી બાદ કરીને જો કંઇ હોય તો, વગેરેના બોજાને આધિન રહેશે.

" ઋણકર્તા ને સરફેસી એક્ટની સેક્શન ૧૩ની પેટા કલમ (૮)ની જોગવાઇઓ અનુસાર સુરક્ષિત મિલકતોને બચાવવા માટે પ્રાપ્ય થતા સમય અંગે ધ્યાન દોરવામાં આવે છે.

સ્થાવર મિલકતનું વર્ણન

શ્રી અમૃત ગજાનંદભાઇ દૂધરેજીયા, શ્રીમતિ નમ્રતા ગજાનંદભાઇ દૂધરેજીયા, શ્રીમતિ રેખાબેન ગજાનંદભાઇ દૂધરેજીયાની માલિકીની સ્થાવર મિલકતનો તમામ ભાગ અને હિસ્સો- બીન ખેતિલાયક જમીન રેવન્યુ બ્લોક નં. ૧૩/૧ પૈકી પ્લોટ નં. ૧૩/૧, ક્ષેત્રફળ ૧૮૮ ચો.મી. શુભમ રેસિડેન્સી બંગલો નં. ૬૮માં, કોલટ પાસે, મોજે કોલટ ગામની હદમાં, શિલ્પગ્રામ ૬ પાસે, સબ જિલ્લો સાણંદ અમદાવાદ અને રજી.જિ. અમદાવાદ, ગ્રામ પંચાયત આકારણી સાણંદમાં આવેલ છે, કે જેની ચતુઃસીમા નીચે મુજબ છેઃ

પૂર્વે - યુનિટ નં. ૫૪, પશ્ચિમે - સ્કીમ ઇન્ટરનલ રોડ, ઉત્તરે - યુનિટ નં. ૬૭, દક્ષિણે - ૪૦ ફુટ પહોળો રોડ.

તારીખ : ૧૧-૦૭-૨૦૨૪
સ્થળ : અમદાવાદ

અધિકૃત અધિકારી
બેંક ઓફ બરોડા

कार्यपालक अभियंता का कार्यालय
पेयजल एवं स्वच्छता प्रमण्डल, साहेबगंज

अल्पकालीन ई–प्रोक्योरमेंट निविदा आमंत्रण सूचना

निविदा सूचना संख्या– **DWSD/SAHIBGANJ-03/2024-25**

दिनांक :– 16.07.2024

क्र	कार्य का नाम	
		केन्द्र प्रायोजित योजना "जल जीवन मिशन" के अन्तर्गत :– Execution of Remaining work of Sahibganj Mega Water Supply Scheme under **D.W. & S. Division Sahibganj** on turnkey basis."
1.	प्राक्कलित राशि	7133.18 Lakh
2.	अग्रधन की राशि (लाख में)	71.34 Lakh
3.	परिणाम विपत्र का मूल्य	10,000.00
4.	कार्य पूर्ण करने की अवधि	21 (एक्कीस) माह + 3(तीन) माह (परिचालन एवं परीक्षण)
5.	वेबसाईट पर निविदा प्रकाशन की तिथि एवं समय	22.07.2024, 06:00 बजे अपराह्न तक
6.	Pre bid की तिथि	26-07-2024 को 01.30 बजें अपराह्न में अभियंता प्रमुख, पेयजल एवं स्वच्छता विभाग, झारखण्ड, राँची के कार्यालय में।
7.	निविदा प्राप्ति की अंतिम तिथि एवं समय	02-08-2024, 05:00 बजे अपराह्न तक
8.	अग्रधन की राशि एवं परिणाम विपत्र का मूल्य Online जमा करने की तिथि एवं समय (As per Letter No.-120, dated-03.10.2023 of Secretary to Govt., Information Technology & e-Governance Department, Govt. of Jharkhand)	02-08-2024, 05:00 बजे अपराह्न तक
9.	निविदा खोलने की तिथि एवं समय	03-08-2024, 05:00 बजे अपराह्न तक
10.	निविदा आमंत्रित करने वाले पदाधिकारी एवं कार्यालय का पता	कार्यपालक अभियंता, पेयजल एवं स्वच्छता प्रमण्डल, साहेबगंज।
11.	निविदा खोलने वाले पदाधिकारी के कार्यालय का पता	कार्यपालक अभियंता, पेयजल एवं स्वच्छता प्रमण्डल, साहेबगंज।
12.	प्रोक्योरमेंट पदाधिकारी का सम्पर्क नं०	9006611698
13.	ई– प्रोक्योरमेंट सेल का हेल्पलाईन नं०	9006611698

PR 329767 Drinking Water and Sanitation(24-25).D

कार्यपालक अभियंता,
पेयजल एवं स्वच्छता प्रमण्डल साहेबगंज

ઉત્તર મધ્ય રેલવે

ઈ-ટેન્ડરિંગ નોટિસ નંબર :- 2024-જુલાઈ-02 તારીખ :- 12-07-2024

ડિવિઝનલ રેલ્વે મેનેજર (એન્જિનિયરીંગ), નોર્થ સેન્ટ્રલ રેલ્વે આગ્રા ભારતના રાષ્ટ્રપતિ માટે અને તેના વતી નીચેના કામો માટે ફક્ત ઓનલાઈન (ઈ-ટેન્ડરીંગ) દ્વારા 'ઓપન ટેન્ડર' આમંત્રિત કરે છે. ટેન્ડરની વિગતો નીચે મુજબ છે.

ક્રમ નં :- 1	ટેન્ડર નંબર :- 2024-જુલાઈ-02-01	અંદાજીત કિંમત રૂ :- 5274318.00
કાર્યનું વર્ણન :- Sr.DEN/I/AGRA અધિકારક્ષેત્ર હેઠળ LiDAR સર્વેક્ષણ ટેક્નોલોજીનો ઉપયોગ કરીને સ્ટેશન યાર્ડ અને વિભાગોની ગ્રેડિયન્ટ ચકાસણી હાથ ધરવી.		
ક્રમ નં :- 2	ટેન્ડર નંબર :- 2024-જુલાઈ-02-02	અંદાજીત કિંમત રૂ :- 12503246.72
કામનું વર્ણન:- MTJ-PWL વિભાગમાં હાલના સ્ટીલ ગર્ડર બ્રિજ નંબર 1399/2 નું રિપ્લેસમેન્ટ.		
ક્રમ નં :- 3	ટેન્ડર નંબર :- 2024-જુલાઈ-02-03	અંદાજીત કિંમત રૂ :- 11795584.26
કામનું વર્ણન :- મથુરા-અલવર વિભાગમાં સ્ટાફ ક્વાર્ટર્સમાં સુધારો.		
ક્રમ નં :- 4	ટેન્ડર નંબર :- 2024-જુલાઈ-02-04	અંદાજીત કિંમત રૂ :- 35814584.81
કામનું વર્ણન :- A: MTJ અને BAD યાર્ડ્સ પર ડીપ સ્ક્રીનીંગ અને મક દૂર કરવું. B: MTJ-PWL વિભાગ TRR(P) 9.67 Kms C-MTJ-PWL વિભાગ : રબર પેડ અને લાઈનર રિપ્લેસમેન્ટ દ્વારા.		
ક્રમ નં :- 5	ટેન્ડર નંબર :- 2024-જુલાઈ-02-05	અંદાજીત કિંમત રૂ :- 39371753.37
કામનું વર્ણન :- (A) મથુરા-અછનેરા વિભાગમાં બોક્સ કલ્વર્ટ દ્વારા એલએચએસ નંબર 362 પર ડ્રેનેજમાં સુધારો. ,(B) મથુરા-પલવલ -યુપીના આર્ક બ્રિજ નંબર 1433/3 અને DN સ્પાન 1×0.47 મીટર સ્પાન અને આરસીસી બોક્સ કલ્વર્ટ સાથેના અન્ય નાના પુલની બદલી. ,(C) મથુરા-પલવલ વિભાગમાં રક્ષણાત્મક કાર્યો વગેરે સાથે પુલ નંબર 1436/2નું પુનર્વસન.		
ક્રમ નં :- 6	ટેન્ડર નંબર :- 2024-જુલાઈ-02-06	અંદાજીત કિંમત રૂ :- 5761860.00
કાર્યનું વર્ણન :- Sr.DEN/II/AGRA અધિકારક્ષેત્ર હેઠળ LiDAR સર્વેક્ષણ તકનીકનો ઉપયોગ કરીને સ્ટેશન યાર્ડ વિભાગોની ઢાળ ચકાસણી હાથ ધરવી		
ક્રમ નં :- 7	ટેન્ડર નંબર :- 2024-જુલાઈ-02-07	અંદાજીત કિંમત રૂ :- 537237.75
કાર્યનું વર્ણન :- કિરૌલી અને મિરહાકુર - સ્ટેશનો અને કોલોની માટે 15 મહિના માટે પોર્ટેબલ પાણીનો પુરવઠો.		

સંપૂર્ણ વિગતો અને બિડ સબમિશન માટે કૃપા કરીને ભારતીય રેલવેની વેબસાઈટ **www.ireps.gov.in** જુઓ. ટેન્ડર 02-08-2024 ના રોજ 15:00 કલાક સુધી વેબ પોર્ટલ **www.ireps.gov.in** દ્વારા જ સબમિટ કરી શકાય છે. 1222/24 (D)

North central railways www.ncr.indianrailways.gov.in @northcentralrailway @ CPRONCR

JM FINANCIAL

જે એમ ફાઈનાન્સિયલ એસેટ્સ રિકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડ
CIN:- U67190MH2007PLC74287
રજિસ્ટર્ડ ઓફિસ સરનામું :- 7 મો માળ, સેનર્જી, અપ્પાસાહેબ મરાઠે માર્ગ, પ્રભાદેવી, મુંબઈ 400025.
વેબસાઈટ :- www.jmfinancialarc.com
સંપર્ક વ્યક્તિ :- 1. જવલ બેલાની - 9825263665 2. વિશાલ કેટલે - 9584966653 3. જ્યોતિ સાવંત - 022-62241676

ઈ-ઓક્શન સેલ નોટિસ - અનુગામી વેચાણ

પિરામલ કેપિટલ અને હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ (અગાઉ દીવાન હાઉસિંગ એન્ડ ફાઈનાન્સ કોર્પોરેશન લિમિટેડ તરીકે ઓળખાતું હતું) એ કલમ 5 હેઠળ તેના પરના તમામ હકો, શીર્ષક અને વ્યાજ સાથે તેના પર બનાવેલ અંતર્ગત સુરક્ષા વ્યાજ સાથે લોનનો એક પૂલ (નીચે દર્શાવેલ લોન સહિત) સોંપ્યો છે. JMFARC (JM) ની તરફેણમાં તારીખ 29-03-2023 ના અસાઈનમેન્ટ કરાર દ્વારા (1)(b) નાણાકીય અસ્કયામતોનું સિક્યોરિટાઈઝેશન અને પુનઃનિર્માણ અને સુરક્ષા હિત અધિનિયમ 2002 (SARFAESI એક્ટ) નો અમલ (અસાઈનમેન્ટ એગ્રીમેન્ટ) (અહીં ઉલ્લેખિત અસાઈની તરીકે) જેએમએફએઆરસી-આરન્ય-ટ્રસ્ટના ટ્રસ્ટી તરીકે તેની ક્ષમતામાં કાર્ય કરે છે. તે સૂચિત કરવામાં આવે છે કે PCHFL એ અસાઈનમેન્ટ/સર્વિસ એજન્ટ દ્વારા તમામ ઓપરેશનલ અને પ્રક્રિયાઓની પ્રક્રિયાને સરળ બનાવવા માટે સેવા પ્રદાતા/સંગ્રહ એજન્ટ તરીકે કાર્ય કરવા માટે અધિકૃત અને નિયુક્ત કરવામાં આવી છે.
SARFAESI અધિનિયમ 2002 હેઠળ સિક્યોર્ડ લેણદારના અધિકૃત અધિકારીઓ દ્વારા અહીં ઉલ્લેખિત સુરક્ષિત અસ્કયામતોનો કબજો લેવાના અનુસંધાનમાં, ઉધાર લેનારા/ઓ પાસેથી બાકી રકમની વસૂલાત માટે, નીચે દર્શાવેલ સ્થાવર મિલકતની ખરીદી માટે નીચે સહી કરનાર દ્વારા ઓફર આમંત્રિત કરવામાં આવે છે, જે છે. **ભૌતિક કબજામાં, 'જેમ છે ત્યાં છે', 'જેમ છે તે આધાર છે' અને 'જે છે ત્યાં આધાર છે'**, જેની વિગતો નીચે આપેલ છે.

લોન કોડ/શાખા/ઉધાર લેનાર(ઓ)/સહ-ઉધાર લેનારા(ઓ)/જામીનદાર(ઓ)	ડિમાન્ડ નોટીસ તારીખ અને રકમ	મિલકત સરનામુ_અંતિમ	અનામત રકમ	અર્નેસ્ટ મની ડિપોઝીટ(ઈએમડી) (આરપી ના 10%)	બાકી નિકળતા લેણાં (09-07-2024)
લોન કોડ નં :-13800002321 શાખાનું નામ:- અમદાવાદ -ચાંદખેડા ઉધાર લેનાર :- માર્શિનિલ ક્રિશ્ચન સહ-ઉધાર લેનાર 1 :- પ્રદિપસિંહ બી રાજપૂત	તારીખ :- 12-05-2021 રૂપિયા :- 1963409 /- (ઓગણીસ લાખ ત્રેસઠ હજાર ચાર સો નવ રૂપિયા માત્ર)	મિલકતના તમામ ટુકડા અને પાર્સલ હદ ધરાવે છે:- ફ્લેટ નં બી1/208, વૈકુંઠ દર્શન , ડુન સ્કૂલ સામે , ન્યુ મણિનગર રામોલ અમદાવાદ ગુજરાત 382449	રૂ:- 1899000/- (અઢાર લાખ નવ્વાણુ હજાર રૂપિયા માત્ર)	રૂ:- 189900/- (એક લાખ નેવ્યાશી હજાર નવ સો રૂપિયા માત્ર)	રૂ:- 2893206/- (અઠ્ઠાવીસ લાખ ત્રાણુ હજાર બસો છ રૂપિયા માત્ર)
લોન કોડ નં :- 01800008669 શાખાનું નામ:- વડોદરા ઉધાર લેનાર :- ફારૂકમિયા એચ શેખ સહ-ઉધાર લેનાર 1 :- અફસાનાબીબી ફારૂકમિયા શેખ	તારીખ :- 18-12-2021 રૂપિયા :- 2328391 /- (ત્રેવીસ લાખ અઠ્ઠાવીસ હજાર ત્રણ સો એક્કાણુ રૂપિયા માત્ર)	મિલકતના તમામ ટુકડા અને પાર્સલ હદ ધરાવે છે:- પ્લોટ નંબર 15, તક્ષશિલા ડુપ્લેક્સ, ઠસરા રેલવે સ્ટેશન પાસે , ડાકોર ઠસરા રોડ, ખેડા ગુજરાત 388250	રૂ:- 1266000 /- (બાર લાખ છાસઠ હજાર રૂપિયા માત્ર)	રૂ:- 126600/- (એક લાખ છવ્વીસ હજાર છસો રૂપિયા માત્ર)	રૂ:- 3158861/- (એકત્રીસ લાખ અઠ્ઠાવન હજાર આઠસો એકસઠ રૂપિયા માત્ર)
લોન કોડ નં :- 04100009473 શાખાનું નામ:- સુરત ઉધાર લેનાર :- ઘનશ્યામભાઈ આર મવાણી સહ-ઉધાર લેનાર 1 :- ગીતાબેન જી મવાણી	તારીખ :- 20-03-2020 રૂપિયા :- 30046384/- (ત્રણ કરોડ ચાર લાખ છેતાલીસ હજાર ત્રણ સો ચોર્યાસી રૂપિયા માત્ર)	મિલકતના તમામ ટુકડા અને પાર્સલ હદ ધરાવે છે:- આરએસ 353/1, બ્લોક 450, સાંઈ ફાર્મ , વાસુ પુજા રેસીડેન્સી, હલધરૂ ગામ, કડોદરા સુરત ગુજરાત 394180	રૂ:- 23220000/- (બે કરોડ બત્રીસ લાખ વીસ હજાર રૂપિયા માત્ર)	રૂ:- 2322000 /- (ત્રેવીસ લાખ બાવીસ હજાર રૂપિયા માત્ર)	રૂ:- 54997200/- (પાંચ કરોડ ઓગણપચાસ લાખ સત્તાણું હજાર બસો રૂપિયા માત્ર)
લોન કોડ નં :- 32400000068 શાખાનું નામ:- અડાજણ ઉધાર લેનાર :- મનોજ પી ડકુઆ સહ-ઉધાર લેનાર 1 :- રશ્મિતા મનોજ ડકુઆ	તારીખ :- 12-05-2021 રૂપિયા :- 1536244/- (પંદર લાખ છત્રીસ હજાર બસો ચુમ્માલીસ રૂપિયા માત્ર)	મિલકતના તમામ ટુકડા અને પાર્સલ હદ ધરાવે છે:- પ્લોટ નંબર 77, ગોવિંદજી પાર્ક સોસાયટી , સાંઈ દર્શન સોસાયટી , બગુમરા, તાલુકા પલસાણા સુરત ગુજરાત 394305	રૂ:- 1090000/- (દસ લાખ નેવું હજાર રૂપિયા માત્ર)	રૂ:- 109000 /- (એક લાખ નવ હજાર રૂપિયા માત્ર)	રૂ:- 2539849 /- (પચ્ચીસ લાખ ઓગણચાલીસ હજાર આઠસો ઓગણપચાસ રૂપિયા માત્ર)
લોન કોડ નં :- 04100009642 શાખાનું નામ:- સુરત ઉધાર લેનાર :- મયંક ફ્લોર મિલ્સ સહ-ઉધાર લેનાર 1 :- લલિત કૈલાશચંદ શર્મા સહ-ઉધાર લેનાર 2:- શકુંતલા લલિતભાઈ શર્મા જામીનદાર 1:- કૈલાશચંદ સુખદયાલ શર્મા જામીનદાર 2:- સરોજ કૈલાશચંદ શર્મા	તારીખ :- 19-11-2019 રૂપિયા :- 5160327 /- (એકાવન લાખ સાંઈઠ હજાર ત્રણ સો સત્તાવીસ રૂપિયા માત્ર)	મિલકતના તમામ ટુકડા અને પાર્સલ હદ ધરાવે છે:- પ્લોટ નં 384 , શુભલક્ષ્મી ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ 1, જીએસપીસી ગેસ પાસે , અટોદરા, ઓલપાડ , સાયન સુરત ગુજરાત 394540	રૂ:- 4185000/- (એકતાલીસ લાખ પંચ્યાશી હજાર રૂપિયા માત્ર)	રૂ:- 418500 /- (ચાર લાખ અઢાર હજાર પાંચ સો રૂપિયા માત્ર)	રૂ:- 9890206/- (અઠ્ઠાણું લાખ નેવું હજાર બસો છ રૂપિયા માત્ર)
લોન કોડ નં :- 04100010003 શાખાનું નામ:- સુરત ઉધાર લેનાર :- રોહિત ગોરધનભાઈ જાધવ સહ-ઉધાર લેનાર 1 :- પ્રભાબેન જાધવ	તારીખ :- 28-06-2021 રૂપિયા :- 1761079/- (સત્તર લાખ એકસઠ હજાર ઓગણએંશી રૂપિયા માત્ર)	મિલકતના તમામ ટુકડા અને પાર્સલ હદ ધરાવે છે:- પ્લોટ નંબર 56, મારુતિધામ રેસીડેન્સી , યુનિટી પબ્લિક સ્કૂલ પાસે , નણસદ રોડ , કામરેજ સુરત ગુજરાત 394180	રૂ:- 1105000/- (અગિયાર લાખ પાંચ હજાર રૂપિયા માત્ર)	રૂ:- 110500/- (એક લાખ દસ હજાર પાંચસો રૂપિયા માત્ર)	રૂ:- 2416105/- (ચોવીસ લાખ સોળ હજાર એકસો પાંચ રૂપિયા માત્ર)
લોન કોડ નં :- 04100010068 શાખાનું નામ:- સુરત ઉધાર લેનાર :- સુરેશ મગનભાઈ ક્યાડા સહ-ઉધાર લેનાર 1 :- પ્રભાબેન સુરેશભાઈ ક્યાડા	તારીખ :- 19-12-2019 રૂપિયા :- 1633331 /- (સોળ લાખ તેત્રીસ હજાર ત્રણસો એકત્રીસ રૂપિયા માત્ર)	મિલકતના તમામ ટુકડા અને પાર્સલ હદ ધરાવે છે:- પ્લોટ નંબર 100, ગોવિંદજી પાર્ક સોસાયટી , સાંઈ દર્શન સોસાયટી પાસે , બગુમરા કેનાલ પાસે , કેનાલ રોડ, બગુમરા , પલસાણા સુરત ગુજરાત 394305	રૂ:- 1135000 /- (અગિયાર લાખ પાંત્રીસ હજાર રૂપિયા માત્ર)	રૂ:- 113500/- (એક લાખ તેર હજાર પાંચસો રૂપિયા માત્ર)	રૂ:- 3055604/- (ત્રીસ લાખ પંચાવન હજાર છસો ચાર રૂપિયા માત્ર)
લોન કોડ નં :- 04100008561 શાખાનું નામ:- સુરત ઉધાર લેનાર :- ઘનશ્યામભાઈ કાલુભાઈ કુકાડિયા સહ-ઉધાર લેનાર 1 :- ચિરાગ ઘનશ્યામભાઈ કુકાડિયા સહ-ઉધાર લેનાર 2:- જયશ્રીબેન ઘનશ્યામભાઈ કુકાડિયા	તારીખ :- 19-11-2019 રૂપિયા :- 1770391 /- (સત્તર લાખ સિત્તેર હજાર ત્રણસો એક્કાણુ રૂપિયા માત્ર)	મિલકતના તમામ ટુકડા અને પાર્સલ હદ ધરાવે છે:- ફ્લેટ નં એ 304, સાંઈ કુટીર રેસીડેન્સી , સૃષ્ટિ રોહાઉસ સામે , અમરોલી થી સાયન રોડ , મોજે વરિયાવ, ગુજરાત 395004 સીમાંકન :- ઉત્તર :- ખુલી જગ્યા અને એફ બિલ્ડીંગ , દક્ષિણ :- પેસેજ, સીડી , ફ્લેટ નં 301, ઈન્ટરનલ રોડ, ફ્લેટ નં 303	રૂ:- 143000 /- (ચૌદ લાખ ત્રીસ હજાર રૂપિયા માત્ર)	રૂ:- 143000 /- (એક લાખ તેંતાલીસ હજાર રૂપિયા માત્ર)	રૂ:- 3114057/- (એકત્રીસ લાખ ચૌદ હજાર સત્તાવન રૂપિયા માત્ર)
લોન કોડ નં :- 04100009424 શાખાનું નામ:- સુરત ઉધાર લેનાર :- વિરેન્દ્ર કુમાર સહ-ઉધાર લેનાર 1 :- કુસુમબેન વિરેન્દ્ર ગૌતમ	તારીખ :- 29-05-2021 રૂપિયા :- 773941 /- (સાત લાખ તોંતેર હજાર નવ સો એકતાલીસ રૂપિયા માત્ર)	મિલકતના તમામ ટુકડા અને પાર્સલ હદ ધરાવે છે:- ફ્લેટ નં જી 1, બિલ્ડીંગ નં બી, શ્રી શ્યામ રેસીડેન્સી , રાંદલ મા મંદિર ખાતે , સાયન રોડ , સુરત ગુજરાત 394130 સીમાંકન :- ઉત્તર :- અન્ય મિલ્કતો , દક્ષિણ :- પ્રવેશ અને પેસેજ , ફ્લેટ નં જી2, સોસાયટી રોડ	રૂ:- 521000/- (પાંચ લાખ એકવીસ હજાર રૂપિયા માત્ર)	રૂ:- 52100 /- (બાવન હજાર એકસો રૂપિયા માત્ર)	રૂ:- 1350312 /- (તેર લાખ પચાસ હજાર ત્રણસો બાર રૂપિયા માત્ર)
લોન કોડ નં :- 32400000001 શાખાનું નામ:- અડાજણ ઉધાર લેનાર :- કૃણાલ ભદ્રેશકુમાર પંચાલ સહ-ઉધાર લેનાર 1 :- ભદ્રેશભાઈ પંચાલ	તારીખ :- 22-05-2021 રૂપિયા :- 1285398 /- (બાર લાખ પંચ્યાશી હજાર ત્રણ સો અઠ્ઠાણું રૂપિયા માત્ર)	મિલકતના તમામ ટુકડા અને પાર્સલ હદ ધરાવે છે:- ફ્લેટ નં એ 303,પાર્ક વ્યુ ફ્લેટ , દિનદયાળ ગાર્ડન , પાલનપુર પાટીયા , રાંદેર , સુરત ગુજરાત 395005 સીમાંકન :- ઉત્તર :- અન્ય મિલ્કતો , દક્ષિણ :- પ્રવેશ અને પેસેજ ફ્લેટ નં 304 , ફ્લેટ નં 302	રૂ:- 1105000 /- (અગિયાર લાખ પાંચ હજાર રૂપિયા માત્ર)	રૂ:- 110500/- (એક લાખ દસ હજાર પાંચસો રૂપિયા માત્ર)	રૂ:- 1860434/- (અઢાર લાખ સાંઈઠ હજાર ચારસો ચોત્રીસ રૂપિયા માત્ર)
લોન કોડ નં :- 04100008358 શાખાનું નામ:- સુરત ઉધાર લેનાર :- મનીષકુમાર જગદીશ શાહ સહ-ઉધાર લેનાર 1 :- શ્રુતિ મનીષ શાહ	તારીખ :- 14-06-2021 રૂપિયા :- 4169682 /- (એકતાલીસ લાખ ઓગણસીતેર હજાર છ સો બ્યાસી રૂપિયા માત્ર)	મિલકતના તમામ ટુકડા અને પાર્સલ હદ ધરાવે છે:- ફ્લેટ નં એ 201 પરી કર્મા કો ઓ હાઉસિંગ સોસાયટી લિમિટેડ , શોર્ય એપાર્ટમેન્ટ પાસે , લુંસિકુઈ, ગુજરાત 396445 સીમાંકન :- ઉત્તર :- પેસેજ , દક્ષિણ :- ઓટીએસ ફ્લેટ નં 202 ઓટીએસ	રૂ:- 4080000 /- (ચાલીસ લાખ એંશી હજાર રૂપિયા માત્ર)	રૂ:- 408000 /- (ચાર લાખ આઠ હજાર રૂપિયા માત્ર)	રૂ:- 6479509/- (ચોસઠ લાખ ઓગણાએંશી હજાર પાંચ સો નવ રૂપિયા માત્ર)
લોન કોડ નં :- 20100044852 શાખાનું નામ:- અમદાવાદ અભીજીત 4 ઉધાર લેનાર :- સંજીવકુમાર નાઈ સહ-ઉધાર લેનાર 1 :- રચનાબેન સંજીવકુમાર નાઈ	તારીખ :- 22-05-2021 રૂપિયા :- 1366874 /- (તેર લાખ છાસઠ હજાર આઠસો ચુમોતેર રૂપિયા માત્ર)	મિલકતના તમામ ટુકડા અને પાર્સલ હદ ધરાવે છે:- ફ્લેટ નં બી 303, નૈયા એપાર્ટમેન્ટ , રામોલ ટોલ પ્લાઝા , આકૃતિ એપાર્ટમેન્ટ રોડ, રામોલ અમદાવાદ ગુજરાત 382449 સીમાંકન :- ઉત્તર :- રોડ , દક્ષિણ :- ફ્લેટ નં બી304, ફ્લેટ ની માર્જીન જગ્યા , અને ફ્લેટ નં બી 302	રૂ:- 1125000 /- (અગિયાર લાખ પચ્ચીસ હજાર રૂપિયા માત્ર)	રૂ:- 112500 /- (એક લાખ બાર હજાર પાંચ સો રૂપિયા માત્ર)	રૂ:- 2145339 /- (એકવીસ લાખ પિસ્તાલીસ હજાર ત્રણસો ઓગણચાલીસ રૂપિયા માત્ર)
લોન કોડ નં :- 13800002340 અને 13800002456 શાખાનું નામ:- ચાંદખેડા ઉધાર લેનાર :- રણજીતસિંહ આઈ રાજપૂત સહ-ઉધાર લેનાર 1 :- પ્રીતિ રણજીતસિંહ રાજપૂત	તારીખ :- 16-06-2021 રૂપિયા :- 730398/- (સાત લાખ ત્રીસ હજાર ત્રણ સો અઠ્ઠાણું રૂપિયા માત્ર) અને તારીખ :- 23-07-2021 રૂપિયા :- 204781/- (બે લાખ ચાર હજાર સાત સો એક્યાશી રૂપિયા માત્ર)	મિલકતના તમામ ટુકડા અને પાર્સલ હદ ધરાવે છે:- ફ્લેટ નં ઓ 202, પેરેડાઈઝ પાર્ક , વંદેમાતરમ એમ્પાયર સામે , વિંઝોલ, અમદાવાદ ગુજરાત 382445. સીમાંકન :- ઉત્તર :- પેસેજ અને લિફ્ટ , દક્ષિણ :- ઓટીએસ , અપેક્ષિત ફ્લેટ , અપેક્ષિત બ્લોક	રૂ:- 738000 /- (સાત લાખ આડત્રીસ હજાર રૂપિયા માત્ર)	રૂ:- 73800 /- (તોંતેર હજાર આઠ સો રૂપિયા માત્ર)	રૂ:- 1008209/- (દસ લાખ આઠ હજાર બસો નવ રૂપિયા માત્ર) અને રૂ:- 227727 /- (બે લાખ સત્તાવીસ હજાર સાતસો સત્તાવીસ રૂપિયા માત્ર)

ઈ-ઓક્શન ની તારીખ :- 08-08-2024, સવારે 11:00 વાગ્યા થી બપોરે 02:00 વાગ્યા સુધી (અનિશ્ચિત 5 મિનિટના અંતરાળ સાથે), બિડ સબમિશનની છેલ્લી તારીખ :- 07-08-2024, સાંજે 04:00 વાગ્યા પહેલાં
વેચાણના વિગતવાર નિયમો અને શરતો માટે, કૃપા કરીને https://www.jmfinancialarc.com/Home/Assets for sale માં આપેલી લિંકનો સંદર્ભ લો અથવા https://bankauction.in પર ઈમેઈલ કરો.

ઉધાર લેનારા/જામીનદારો/ગીરોને SARFAESI અધિનિયમ હેઠળ વૈધાનિક 15 દિવસની વેચાણ નોટિસ.
ઉપરોક્ત ઉધાર લેનારાઓ/બાંયધરી આપનારને આથી સૂચિત કરવામાં આવે છે કે કલમ 13(2) નોટિસમાં ઉલ્લેખિત રકમની તારીખ પહેલાંની તારીખ સુધી સંપૂર્ણ ઉપાર્જિત વ્યાજ સાથે ચૂકવવામાં આવે. હરાજી, નિષ્ફળ જવાથી કઈ મિલકતની હરાજી/વેચવામાં આવશે અને બાકી લેણાં જો કોઈ હોય તો તે વ્યાજ અને ખર્ચ સાથે ઉધાર લેનારા/જામીનદાર પાસેથી વસૂલ કરવામાં આવશે.

તારીખ :- 17-07-2024
સ્થાન :- ગુજરાત

Sd/- અધિકૃત અધિકારી
(અરણ્ય - ટ્રસ્ટ)